સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, મુગલીસરા, સુરત.

* * * * * * * * *

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક કેડરની ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દુ તથા ઉડીયા માધ્યમની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર પી.આર.ઓ.નં.૧૮૭૫, તા.૧૩/૧૨/૨૦૨૧ થી જાહેરાત પ્રસિધ્ધ કરી સદર જગ્યા માટેની નિયત લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસે તા.૧૭/૧૨/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ દરમ્યાન ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ. જે અન્વયે જે તે માધ્યમ માટેના નિયત વિષયોવાર **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૧ (PML-1)** આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઉમેદવારે નીચે જણાવ્યા મુજબની તેમજ મુળ જાહેરાતની વિગતવાર સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

– શિક્ષણ સહાયક કેડરની ભરતી અંગેની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના શિક્ષણ વિભાગના જાહેરનામાઓની જોગવાઈ અનુસાર નીચે કોષ્ટકમાં જણાવેલ ગણતરી મુજબ શૈક્ષણિક લાયકાતોના ગુણના કુલ **૩૦ ટકા ભારાંક** અને માધ્યમિક શિક્ષક અભિરૂચિ કસોટી(TAT-SECONDARY) માં મેળવેલ ગુણના **૭૦ ટકા ભારાંક** મુજબ ઉમેદવારે તેમની ઓનલાઈન અરજીમાં શૈક્ષણિક લાયકાતોમાં દર્શાવેલ વિગતોના આધારે **PML-1** તૈયાર કરવામાં આવેલ છે.

(૧) શિક્ષણ સહાયક (શારીરિક શિક્ષણ સિવાયના) વિષયો માટે લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ છે.

ક્રમાંક	લાયકાત	મહત્તમ ગુણ
૧	સંબંધિત વિષયમાં સ્નાતક પદવી	૧૦
૨	સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી	૧૦
૩	વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ/સમકક્ષ વિગેરે.	૦૫
૪	વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ/સમકક્ષ વિગેરે.	૦૫
	કુલ	૩૦

(૨) શારીરિક શિક્ષણ વિષયના શિક્ષણ સહાયક માટે લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ છે.

ક્રમાંક	લાયકાત	મહત્તમ ગુણ
૧	વિનયન, વાણિજય અને વિજ્ઞાન શાખાઓ પૈકી કોઈ એક શાખામાં સ્નાતક પદવી	૧૦
૨	વિનયન, વાણિજય અને વિજ્ઞાન શાખાઓ પૈકી કોઈ એક શાખામાં અનુસ્નાતક પદવી	૧૦
૩	વ્યાયામ શિક્ષણમાં વ્યાવસાયિક સ્નાતક (B.P.ED.) / (D.P.ED.)	૦૫
૪	વ્યાયામ શિક્ષણમાં વ્યાવસાયિક અનુસ્નાતક (M.P.ED.)	૦૫
	કુલ	૩૦

અથવા

ક્રમાંક	લાયકાત	મહત્તમ ગુણ
૧	શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી. (ત્રણ વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ)	૨૦
૨	શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાં અનુસ્નાતકની પદવી. (પાંચ વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ)	૧૦
	કુલ	૩૦

– ઉમેદવારે પોતાની અરજીમાં દર્શાવ્યા મુજબની પોતાની શૈક્ષણિક લાયકાતોના ગુણના ઉપર જણાવ્યા મુજબના કુલ ૩૦ ટકા ભારાંક અને માધ્યમિક શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલ ગુણના ૭૦ ટકા ભારાંક મુજબ પોતાના મેરીટની ગણતરી કર્યા બાદ, **PML-1** માં પોતાના મેરીટની ઉપરાંત પોતાના નામની તેમજ કેટેગરીની વિગતોની ચકાસણી કરી લેવાની રહેશે અને જો તેમાં કોઈ ક્ષતિ જણાય તો તે અંગે આ સાથે સામેલ કવેરી ફોર્મમાં વિગતો દર્શાવી પોતાની વાંધા અરજી જરૂરી આધાર–પુરાવાઓની નકલ સહિત <u>તા.૨૧/૦૬/૨૦૨૨</u> સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં રીક્રુટમેન્ટ વિભાગમાં રૂબરૂ રજૂ કરવાની રહેશે. (તા.૧૯/૦૬/૨૦૨૨, રવિવારના દિને પણ સવારે ૧૧.૦૦ કલાકથી બપોરે ૩.૦૦ કલાક સુધી વાંધા સ્વીકારવામાં આવશે) વાંધા અરજીમાં ઉમેદવારે પોતાનું નામ, અરજી નંબર, માધ્યમ–વિષય તેમજ PML-1 લીસ્ટનો પોતાનો અનુક્રમ નંબર અચૂક દર્શાવવાનો રહેશે.

(તા.૨૧/૦૬/૨૦૨૨ બાદ તેમજ ઈ–મેઈલ કે ટપાલ મારફતે મોકલવામાં આવેલ વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી)

- PML-1 અન્વયે ઉમેદવારો તરફથી રજૂ થયેલ વાંધાની પુરતી ખરાઈ કરી મેરીટમાં તે મુજબનો સુધારો કરી ત્યારબાદ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ (PML-2) તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે. સબબ, PML-1 ફેરફારને આધિન રહેશે.
- PML-1 અન્વયે જે ઉમેદવારોએ વાંધા રજૂ થયેલ હોય, તેવા ઉમેદવારોએ PML-2 અન્વયે પોતાના મેરીટની ફેર ચકાસણી કરવાની રહેશે અને તેમાં કોઈ ક્ષતિ જણાય તો ફેર વાંધા અરજી રજુ કરવાના રહેશે. (જે ઉમેદવારોએ PML-1 અન્વયે વાંધા રજૂ કરેલ નથી તેવા ઉમેદવારોના વાંધા PML-2 ના સ્ટેજે ધ્યાને લેવામાં આવશે નહી.)
- પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ (PML-2) અન્વયે રજૂ થયેલ વાંધાની પુરતી ખરાઈ કરી મેરીટમાં તે મુજબનો સુધારો કરી ત્યારબાદ ફાયનલ મેરીટયાદી તૈયાર કરી મેરીટક્રમ મુજબ પ્રસિધ્ધ કરવામાં આવશે.
- મેરીટક્રમ મુજબ અગ્રતાક્રમે આવતા ઉમેદવારોમાંથી જે તે માધ્યમ તેમજ વિષય માટેની શિક્ષણ સહાયકની રોસ્ટર મુજબની ખાલી સંખ્યાને અનુરૂપ કેટેગરીવાઈઝ પાંચ ગણા ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફીકેશનના લીસ્ટમાં સમાવેશ કરી ઓરીજીનલ ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવશે. (ડોકયુમેન્ટ વેરીફીકેશનને લગતી આનુસાંગિક સૂચનાઓ તે તબકકે જાહેર કરવામાં આવશે.)
- ડોકયુમેન્ટ વેરીફીકેશનના લીસ્ટમાં સમાવેશ થયેલ ઉમેદવારોની જે તે માધ્યમ–વિષય માટેની અરજીના અનુસંધાને શૈક્ષણિક લાયકાતો તેમજ અન્ય વિગતોની ખરાઈ કરવામાં આવશે અને સંબંધિત માધ્યમ તેમજ વિષય માટેની નિયત શૈક્ષણિક લાયકાત પુરવાર કરનાર ઉમેદવારનો પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવેશ કરી ઉપલબ્ધ જગ્યાઓ મુજબ જે તે માધ્યમ/વિષયવાર અને કેટેગરીવાર આખરી પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.
- PML-1, PML-2 કે ડોકયુમેન્ટ વેરીફીકેશનના લીસ્ટમાં ઉમેદવારનું નામ સમાવિષ્ટ થયેલ હોવા માત્રથી ઉમેદવાર સદર જગ્યા માટે પાત્રતા ધરાવતા હોવાનો કે નિમણૂંક માટેનો હકક દાવો કરી શકશે નહી.
- PML-1 કે PML-2 ના તબકકે રજૂ કરવામાં આવેલ વાંધાઓ સિવાય, ડોકયુમેન્ટ વેરીફીકેશનના તબકકે ઉમેદવારના કોઈપણ પ્રકારના વાંધા ગ્રાહય રાખવામાં આવશે નહી.

* * * * * * * * *

સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, મુગલીસરા, સુરત.

Recruitment of Assistant Teacher for SUMAN School

PRO No.1875, Dt.13/12/2021

Query form

PML-1_Sr.No. _____

Appli_Name : _____ **Appli_No._____**

Medium : _____ **Subject : _____**

Sr. No.	Degree	Subject	Passing Month/Year	Marks Total / Obtained	%	Remarks
1	**Bachelor Degree** B.A. / B.sc. /Other-_____		/	/		
2	**Bachelor Of Education**		/	/		
3	**Master Degree** M.A. /M.sc. /Other-_____		/	/		
4	**Master Of Education**		/	/		
5	**TAT**		/	/		

વાંધા ટૂંકમાં જણાવવા :–

Applicant sign

બિડાણ :–